ક્રમાંક–૬

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરુવાર, તા. ૮મી, ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૮૬, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૨૨, વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૪ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯૬ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨, પૂરક માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫, ૬, ૮ અને ૯, પૂરક માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧, પૂરક માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ તથા પૂરક માગણી ક્રમાંક– ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ અને ૧૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય બપોરના ૧.૩૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રીમતી નિમીષાબેન સુથાર
(૩) શ્રી અભેસિંહ તડવી
(૪) શ્રીમતી રીટાબેન પટેલ
(૫) શ્રીમતી રીવાબા જાડેજા
(૬) શ્રી જયંતિભાઇ રાઠવા
(૭) ડો. હસમુખ પટેલ
(૮) શ્રી અક્ષયકુમાર પટેલ
(૯) શ્રીમતી માલતી મહેશ્વરી
(૧૦) શ્રી અનંતકુમાર પટેલ
(૧૧) શ્રી અનિકેત ઠાકર
(૧૨) ડો.જયરામભાઇ ગામીત
(૧૩) શ્રી અનિરુદ્ધ દવે
(૧૪) શ્રી અરૂણસિંહ રણા
(૧૫) શ્રી મેઘજીભાઇ ચાવડા
(૧૬) શ્રી પરસોત્તમભાઇ પરમાર
(૧૭) શ્રી મોહનભાઇ કોંકણી
(૧૮) શ્રીમતી ગીતાબા જાડેજા
(૧૯) શ્રી કનુભાઇ પટેલ
(૨૦) શ્રી ડી.કે.સ્વામી
(૨૧) શ્રી ધવલસિંહ ઝાલા

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨૨) શ્રી મુકેશકુમાર પટેલ
(૨૩) શ્રી કમલેશભાઇ પટેલ
(૨૪) શ્રી અમૃતજી ઠાકોર
(૨૫) શ્રીમતી દર્શના વાઘેલા
(૨૬) શ્રીમતી સેજલબેન પંડ્યા

**૨. માનનીય ઉપાધ્યક્ષશ્રીની સૂચના**

જે વિભાગની માગણીઓ છે તે વિભાગના સચિવશ્રીઓ હાજર ન હોય તો તેમને હાજર રહેવા માટે માનનીય મંત્રીશ્રીઓને માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૨૭) શ્રી માવજીભાઇ દેસાઇ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૨, ૫, ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૮૬, ૯, ૨૨, ૭૪ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક–૧,૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૨૧, ૨૩, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૩, ૫૪, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૦, ૭૧, ૭૩, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૩ અને ૧૦૬ રજૂ કરી જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧–૧૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા ૮મી ફેબ્રુઆરી ૨૦૨૪(બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨ અને ૧૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૪, ૫ અને ૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૪થી ૫૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૪–૩૦ કલાકે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

(૪) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રી ઇશ્વરભાઇ પરમારે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**૩. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૪–૨૫ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા | (૩) શ્રી પ્રવિણકુમાર માળી |
| (૨) ડો. હસમુખ પટેલ | (૪)શ્રી પ્રફુલ પાનશેરીયા(રા.ક.ના શિક્ષણ મંત્રીશ્રી )(પ્રવચન અધૂરું) |

**૪. સભાગૃહનો વિરામનો સમય રદ કરવા અંગે**

આ તબક્કે શાસક પક્ષના દંડકશ્રી બાળકૃષ્ણ શુકલએ વિરામનો સમય રદ કરીને બિન–સરકારી કામકાજ હાથ પર લેવા પ્રસ્તાવ મૂક્યો, જેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અમૃતજી ઠાકોરે સમર્થન આપતાં, તદનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરવામાં આવ્યો.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ પોતાનું અધૂરું રહેલ વકતવ્ય પૂરું કર્યું.

**૪. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ સન ૨૦૨૩નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગારી આપવા બાબતનું વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૨. સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક દાખલ થઇ શક્યું નહીં.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

**૧.** ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી અમીત શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**૨.** ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**૩.** ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી પુનમચંદ બરંડા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**૪.** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૫–સન–૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ(રદ કરવા) બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**સભાગૃહ, શુક્રવાર તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૩૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.